# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સરકારે વિચરતી અને વિમુક્ત જાતિના વર્ગોને મુખ્ય ધારામાં જોડ્યા છે.**
2. **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત ૨૦૪૭ રોડ મેપ તૈયાર કરનારું ગુજરાત દેશનું પહેલું રાજ્ય.**
3. **મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ એક વર્ષમાં પાંચ લાખથી વધુ લાભાર્થીને લાભ અપાયો.**
4. **યાત્રાધામ બહુચરાજીમાં ચૈત્રી પુનમના ત્રણ દિવસના પરંપરાગત મેળાનો પ્રારંભ.**
5. **આગામી ત્રણ દિવસ મહત્તમ તાપમાન બેથી ચાર ડિગ્રી ઘટવાની હવામાન વિભાગની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM BAJIGAR SAMAJ MELO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વિચરતી અને વિમુક્ત જાતિના વર્ગોને મુખ્ય ધારામાં જોડવામાં સરકારે સફળતા મેળવી છે. ગઈ કાલે અમદાવાદના સાણંદ તાલુકાના મોતીપુરા (મોટી દેવતી) ગામમાં અખિલ ભારતીય નટ બજાણીયા બાજીગર સમાજના 29માં મેળાના સમાપન પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વિચરતી અને વિમુક્ત જાતિના લોકોને સરકારી યોજનાનો લાભ અપાવવો મુશ્કેલ હોવા છતાં સરકારે બાકી રહેલા લાભાર્થીઓ સુધી પહોંચી શકી છે.

શ્રી પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકારે વિચરતી અને વિમુક્ત જાતિની બહેનો, યુવાનોને સ્વરોજગારી માટે લગભગ 88 કરોડ રૂપિયાની લોન અને ધિરાણ આપ્યા છે. ગુજરાતના દરેક જિલ્લામાં વિચરતી જાતિને આવાસ બાંધવા જમીનો સરકારે આપી છે.

# HM-CM-GCCI

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગઇકાલે જણાવ્યું છે કે, 'અર્નિંગ વેલ, લીવીંગ વેલ'ના મંત્ર સાથે વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત ૨૦૪૭ રોડ મેપ તૈયાર કરનારું ગુજરાત દેશનું પહેલું રાજ્ય છે. ૨૦૪૭ સુધીમાં રાજ્યની અર્થવ્યવસ્થા ૩.૫ ટ્રીલીયન ડોલર સુધી લઈ જવાનો આ રોડમેપનો લક્ષ્યાંક છે એમ તેમણે ઉમેર્યું હતું.

અમદાવાદમાં ગુજરાત વેપારી મહામંડળ GCCI ના વાર્ષિક ટ્રેડ એક્સ્પો 'ગેટ 2025'નું ઉદ્ઘાટન કરતાં શ્રી પટેલે જણાવ્યું કે રાજ્યમાં 'ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ'

સ્થાપવામાં GCCIનું મહત્વનું યોગદાન છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વર્ચ્યુઅલી શુભારંભ કરાવતા જણાવ્યું કે, ટ્રેડથી ટેકનોલોજી, આઇટીથી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને MSMEથી સ્ટાર્ટ અપ સુધીના દરેક ઉદ્યોગોને અનુરૂપ વાતાવરણ તથા જરૂરી સંસાધનોની ઉપલબ્ધતાના કારણે ગુજરાતે ઔદ્યોગિક વિકાસ નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરી છે.

# MAHILA POSHAN WITH VC

રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ ગત એક વર્ષમાં પાંચ લાખથી વધુ લાભાર્થીને લાભ અપાયો છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્ય સરકાર દ્વારા આ માટે 354 કરોડ રૂપિયાથી વધુની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ પ્રવેશ અડિએચા)

*(મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અંતર્ગત સગર્ભા સ્ત્રીઓ અને બે વર્ષનું બાળક ધરાવતી મહિલાઓને પોષણયુક્ત આહાર પૂરો પાડવામાં આવે છે. માતા અને બાળકના આરોગ્યમાં સુધારો કરવાના હેતુથી આ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના હેઠળ પ્રથમ વખતની સગર્ભા અને 2 વર્ષ સુધીના બાળકની આંગણવાડીમાં નોંધણી કરાવનારી માતાને લાભ મળે છે. તેમાં લાભાર્થીને 2 કિલો ચણા, એક કિલો તુવેર દાળ અને એક લિટર સિંગતેલ દર મહિને અપાય છે.)*

પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.

# ARVALLI

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના બુટાલ ગામમાં “ગાંવ ચલો” અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો. રાજ્યના મંત્રી ભીખુસિંહજી પરમારે બુટાલ દૂધમંડળીના સભ્યો અને ગામના પ્રજાજનો સાથે મુલાકાત કરી હતી અને સરકાર દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓ અને દૂધ સહકારી મંડળોના વિકાસ માટેની યોજનાઓ વિશે માહિતી આપી હતી. તેમણે ગામના વિકાસના ચાલુ પ્રવૃત્તિઓ અને ભવિષ્યની યોજનાઓ પર પણ ચર્ચા કરી હતી.

# BAHUCHARAJI CHAITRI POONAN MELO

બહુચરાજી માતાજીના મંદિરના સાનિધ્યમાં ચૈત્રી પુનમના પરંપરાગત મેળાનો પ્રારંભ થયો છે. ગઈ કાલે જિલ્લા કલેકટર એસ.કે.પ્રજાપતિ અને ધારાસભ્ય સુખાજી ઠાકોરે દીપ પ્રાગટ્ય કરી ત્રિ દિવસીય ચૈત્રી પૂનમના મેળાનો પ્રારંભ કરાવ્યો.

આ પ્રસંગે જિલ્લા કલેકટર એસ.કે.પ્રજાપતિએ જણાવ્યું કે, આસ્થા, ભક્તિ અને સેવાના ત્રિવેણી સંગમ બહુચરાજીના મેળામાં આવનારા શ્રધ્ધાળુઓ માટે વહીવટી તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે.

આ અંગે શ્રી પ્રજાપતિએ વધુ માહિતી આપી....

**(BYTE: S.K.PRAJAPATI)**

# Dwarka Sri Krishna Rath

માધવપુરમાં ભગવાન શ્રીકૃષ્ણ અને રૂકમણીનાં લગ્નનાં સમાપન બાદ ગઈ કાલે દ્વારકામાં રથનું આગમન થયું હતું. દ્વારકાધીશ મંદિર ખાતે રથ આવી પહોંચતા પુજારી પરિવાર દ્વારા તેમનું ધામધૂમ પૂર્વક સ્વાગત કરાયું હતું.

દ્વારકામાં ભક્તિમય માહોલ વચ્ચે વિવાહનો સત્કાર સમારંભ યોજાયો. દ્વારકા સર્કિટ હાઉસ પાછળના મેદાન ખાતે ભવ્ય મલ્ટીમીડિયા શોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મોડી રાત સુધી ચાલેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભગવાન શ્રી કૃષ્ણ અને દેવી રૂકમણિના પાત્રોને ભજવતી કલાકૃતિ પ્રસ્તુત કરવામાં આવી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# JUNAGADH UPARKOT KILLO

જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટના કિલ્લામાં પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરાને હસ્તે દેવાયત બોદર આહીર અને રા-નવઘણ સહિતના યોદ્ધાઓની શૌર્ય ગાથા દર્શાવતા મેમોરિયલ હાઉસનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

ચાર કરોડને ખર્ચે બનનારા દેવાયત બોદર, રા-નવઘણ, વાલ્મિકી ભીમડા અને વાલબાઈના સ્મારકનાં ખાતમૂહુર્ત પ્રસંગે જામનગરના સાંસદ પૂનમબેન માડમ ઉપસ્થિત રહ્યા હતા.

# Weather

હવામાન વિભાગે રાજ્યમાં આગામી ત્રણ દિવસ મહત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયલનો ઘટાડો થવાની આગાહી કરી છે. હિટવેવને પગલે રાજકોટ અને કચ્છમાં ઓરેન્જ એલર્ટ અને મોરબી, બનાસકાંઠા અને સાબરકાંઠામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

પવનની દિશા પશ્ચિમથી ઊતર પશ્ચિમની થતા અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થવાને કારણે ત્રણ દિવસ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે. તટીય વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે.

છેલ્લાં 24 કલાકમાં રાજ્યમાં કંડલા એરપોર્ટ ખાતે મહતમ તાપમાન 46 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. રાજકોટમાં 45 ડિગ્રી, અમરેલી, સુરેન્દ્રનગર અને કેશોદમાં 44

ડિગ્રી અને અમદાવાદ, ગાંધીનગર અને ડીસામાં મહતમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

(BYTE: PRADEEP SHARMA HAWAMAN)

## CHEMICAL FARMING

રાજ્યના મોટાભાગના ખેડૂતો રાસાયણીક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. ત્યારે નડીયાદના પીપળાતા ગામના એક ખેડૂત અરુણભાઈ શાહે છેલ્લા છ વર્ષ થી દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી છે. દેશી ગાય આધારિત ખેતી કરી વિવિધ પ્રકાર ના ઘઉં અને ડાંગર તેમજ મીલેટ્સ માં બાજરી, રાગી, જુવાર, ચાણા તેમજ રાયડોની ખેતી કરે છે અને રાજ્ય સરકારના કૃષિ વિભાગની વિવિધ સહાય પણ મળે છે.

વધુમાં અરુણભાઈ શાહ માહિતી આપી રહ્યા છે.

(બાઈટ- ખેડૂત- અરૂણભાઈ શાહ)

## AMBAJI MAHILA TIRANDAJI SPARDHA

શક્તિપીઠ અંબાજીમાં ગઈ કાલે ત્રિદિવસીય રાષ્ટ્રીય મહિલા તીરંદાજી સ્પર્ધાનું સમાપન થયું.

સ્પર્ધામાં 28 રાજ્ય અને 8 કેન્દ્ર સાશિત પ્રદેશોમાંથી 500થી વધુ મહિલાઓ ભાગ લીધો હતો. જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ખેલાયેલી આ સ્પર્ધામાં 18 યુવતીઓ એ પોતાના રાજ્યનું નામ રોશન કર્યું છે, જેઓ વિદેશોમાં તિરંદાજી સ્પર્ધામાં ભાગ લેશે. બનાસકાંઠાના મહિલા આઇપીએસ અધિકારી સુમન નાલાના હસ્તે ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા.

# SAFFRON MANGO

કેસર કેરીના હબ ગણાતા ગઢશીશા પંથકમાં મોટાભાગના બગીચા ખાલીખમ રહેતાં ખેડૂતોની ચિંતા વધી છે. વિષમ વાતાવરણને કારણે હાલમાં માત્ર દસ ટકા જેટલું કેરીનું જ ઉત્પાદન થાય તેવું  ખેડૂતોનું અનુમાન છે.

કેસર કેરીના પાકને વીમામાં સમાવિષ્ટ કરવા ખેડૂતોએ માંગ કરી છે. આ સાથે જ વૈજ્ઞાનિક જયદીપ ગોસ્વામી, બાગાયત વિભાગના આનંદ પંડયા અને તાલુકા વિસ્તરણ અધિકારી છબીલભાઇ ચાવડાએ ગઢશીશા પંથકના મઉં, દેવપર, વરઝડીના  વાડી વિસ્તારની મુલાકાત લઇ નિરીક્ષણ બાદ વાતાવરણમાં ઠંડી-ગરમીની વિષમતા તથા મધિયા રોગનાં કારણે આ પરિસ્થિતિ સર્જાઇ હોવાનું તારણ કાઢ્યું હતું.

# BHAVNAGAR TRAIN

સુરત રેલવે મથકથી આગામી 20 એપ્રિલથી સુરત-મહુવા એક્સપ્રેસ ટ્રેન નિર્ધારિત સમય રાત્રે 10 વાગ્યાની જગ્યાએ કરતા 30 મિનિટ પહેલા એટલે કે, સાડા નવ વાગ્યે ઉપડશે.

મળતી માહિતી મુજબ, યાત્રિઓની સુવિધા માટે સુરત, વડોદરા અને અમદાવાદ વિભાગ પર સમયસર ટ્રેન દોડાવવા રેલવે વિભાગે આ નિર્ણય કર્યો છે. એટલે આગામી 20 એપ્રિલે સુરતથી મહુવા વચ્ચેના તમામ મથક પર આ ટ્રેનના આગમન અને પ્રસ્થાનનો સમય પણ બદલાશે. જોકે, મહુવાથી સુરત જતી કોઈ ટ્રેનના સમયમાં ફેરફાર નથી કરાયો.